ગાંધીનગર સમાચાર

જિલ્લા રમત ગમત કચેરી દ્વારા તાલીમ શિબિર યોજાશે

## @ગાંધીનગર

● આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા સવારે ૧૦.૩૦ કલાકે સે-૧૩, મહાત્મા મંદિર ખાતે નવનિયુકત સ્ટાફ નર્સ, ફાર્માસિસ્ટ તથા ફીઝીયોથેરાપીસ્ટને નિમણુંક અર્પણ સમારોહ યોજાશે.

● સે-૨૧, શ્રી વૈજનાથ માલણેશ્વર મહાદેવ ખાતે બપોરના ૧૨ થી ૬ કલાક દરમિયાન આધાર કાર્ડનો કેમ્પ યોજાશે.

● જાયન્ટ ગ્રુપ ઓફ ગાંધીનગર અને વોર્ડ નં. ૪ના કોર્પોરેટર નીલાબેન શુકલ દ્વારા સવારે ૧૧ કલાકે, સે-૨૩, વિરાટનગર, શ્રી જયોતિશ્વર મહાદેવ મંદિર ખાતે આધારકાર્ડ કેમ્પ યોજાશે.

● ગુજરાત એનર્જી રીસર્ચ એન્ડ મેનેજમેન્ટ ઈન્સ્ટીટયુટ (જેરમી) દ્વારા પીડીપીયુ કેમ્પસ ખાતે સવારે ૧૦ કલાકે રૂફટોપ સોલાર ટેકનોલોજીના ટ્રેનર્સનો ટ્રેનિંગ વર્કશોપ યોજાશે.

# સ્કાય ગૃપની પિકનિકે બાળકોને રાજી કર્યા

## શહેરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના ૬૫ જેટલા બાળકોને અનોખી પિકનિક કરાવી





ગાંધીનગર, તા.૧૮

જંગલમાં જઈને ટ્રેકિંગ કરવું, ડુંગરા ચઢવા, રોપ કલાઈમ્બિંગ કરવું આ બધું તો ધનાઢય પરિવારના સંતાનોના શોખ ગણાય છે. પરંતુ ગાંધીનગરની ૩૨ સરકારી પ્રાથમિક શાળાના શ્રમજીવી અને જરૂરિયાતમંદ પરિવારના આશરે ૬૫ જેટલા બાળકોએ ગઈ કાલે આ શોખ પણ મન ભરીને માણ્યા હતા. ગરીબ પરીવારના બાળકોને તેમણે સ્વપ્નમાં પણ ના વિચારી હોય તેવી આ ખુશી આપી છે સ્કાય ગૃપના યુવાનોએ. શનિવારે આખો દિવસ આ બાળકો માટે મહુડી રોડ પરના અલુહા હિલ્સ પાસેની આરતી કેમ્પ સાઈટ ખાતે સ્કાય ગૃપ દ્વારા પિકનીકનું આયોજન કર્યુ હતું. જયાં તેમને સાહસિક ટ્રેકિંગ સાથે ગરબા ડાન્સ અને મનભાવન ભોજનનો પણ આનંદ પુરો પાડવામાં આવ્યો હતો.

થોડાક સમય પહેલા ગાંધીનગરમાં સ્કાય ગૃપના યુવાનોએ શહેરની સરકારી પ્રાથમિક શાળાના જરૂરિયાતમંદ વર્ગના બાળકોનો ટેલેન્ટ શો યોજવાનું બીડું ઝડપ્યું હતું. આ માટે સ્કાય ગૃપના સ્વયંસેવકોએ અથાગ પ્રયત્નો હાથ ધરી ટાઉનહોલ ખાતે અદભુત ટેલેન્ટ શો યોજયો હતો. જેને ભરપૂર પ્રસંશા પ્રાપ્ત થઈ હતી. આ ટેલેન્ટ શો બાદ તાજેતરમાં આ બાળકોએ ગણેશોત્સવ દરમિયાન સે-૨૨ના રંગમંચ ખાતે પણ દર્શકોને અચંબિત કરી દેતું પરફોર્મન્સ આપ્યું હતું. લાગણીના તંતુથી બાળકો સાથે જોડાઈ ચુકેલા સ્કાય ગૃપના યુવાનોએ ગઈ કાલે આ બાળકો પૈકી ટલેન્ટેડ ૬૫ જેટલા બાળકોને પિકનીક કરાવવાનું આપેલું વચન પુરું કર્યુ હતું.

વહેલી સવારથી આ બાળકોને આરતી કેમ્પ સાઈટ લઈ જવાયા હતા. જયાં સવારનો ચા નાસ્તો પિરસવામાં આવ્યો હતો. સમગ્ર દિવસ દરમિયાન બાળકોને કેમ્પસાઈટ પરની વિવિધ એકિટવીટી જેવી કે જંગલ ટ્રેકિંગ, રોપ કલાઈમ્બિંગ, ઝીગઝેગ ટ્રેકિંગ, માઉન્ટેનીંગ ઉપરાંત વિવિધ રમતો અને ગરબા તેમજ ડાન્સ વગેરેની મજા કરાવાઈ હતી. આ પ્રવૃત્તિઓના કારણે બાળકો ખુબ જ રોમાચંત અને આનંદિત થઈ ગયા હતા અને પરત પર્યા બાદ દરેક બાળકે પોતાની શાળાના વિદ્યાર્થીઓ સાથે હોંશે હોંશે પોતાના સ્વાનુભવો વર્ણવ્યા હતા. બાળકોના ચહેરા પર સંતોષ અને આનંદનું સ્મિત જોઈ સ્કાય ગૃપના સભ્યો પણ પ્રસન્ન થઈ ગયા હતા. પિકનિકમાં બાળકોએ મનભાવન ભોજનનો પણ આનંદ માણ્યો હતો. તમામ શાળાના શિક્ષકગણે સ્કાય ગૃપના યુવાનોનો બાળકોને આપેલ અમૂલ્ય ખુશી અંગે આભાર વ્યકત કર્યો હતો.

## વાતવાતમાં

● ગુજરાતી ફિલ્મોનો સુવર્ણયુગ પરત આવી રહ્યો હોય તેમ એક પછી એક અર્બન ગુજરાતી ફિલ્મો રિલીઝ થતા સફળતા પામી રહી છે. ગાંધીનગરના જાણીતા ફિલ્મ નિર્માતા જગદીશ સોની નિર્મિત આગામી ગુજરાતી ફિલ્મ 'પ્રોબ્લેમ એન્ડ સોલ્યુશન'નું રવિવારે સરગાસણ ચાર રસ્તા નજીક ઓડીશન યોજાયું હતું. જેમાં અનેક શહેરો તથા ગામોના યુવા કલાકારો ઉમટી પડયા હતા.

● જન અધિકાર મંચ તથા ફિકસ પગારદાર સંઘર્ષ સમિતિના અગ્રણી પ્રવિણ રામે સોમવારે ટવીટર દિવસનો હવાલો આપી મુખ્યમંત્રીના ટવીટ પર નેશનલ તથા લોકલ મિડીયાની નજર છવાયેલી રહે તેવી સંભાવનાના પગલે કાર્યકરોને વધુને વધુ પ્રશ્નો પુછવા સોશિયલ મિડીયા પર હાકલ કરી છે. તેમણે કાર્યકરોને સીએમના ટવીટર પર પ્રશ્નોનો મારો ચલાવી આક્રોશ વ્યકત કરવા ટવીટર એકાઉન્ટ ના હોય તો તાત્કાલિક ઓપન કરી દેવા અનુરોધ કર્યો છે.

## પી.કે. ચૌધરી કોલેજની વિદ્યાર્થીનીઓ સી.એ.ટી.સી. કેમ્પમાં ઝળકી

ગાંધીનગર, તા.૧૮

એન.સી.સી. યુનિટ દ્વારા અમદાવાદ લો ગાર્ડન ખાતે દસ દિવસીય સી.એ.ટી.સી. કેમ્પ યોજાયો હતો. જેમાં શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ૧૨ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો. આ કેમ્પ દરમિયાન પરેડ, વ્યાખ્યાન, યોગ, કસરત, રમત ગમત, વિવિધ સ્પર્ધાઓ તથા સાંસ્કૃતિક કાર્યક્રમ સહિતનું આયોજન કરવામાં આવ્યુંહતું. જેમાં પી.કે. ચૌધરી કોલેજની પાંચ વિદ્યાર્થીનીઓ મલેક મોહસીના, મલેક નાઝમીન, પટેલ જલ્પા, પટેલ ક્રિશ્ના, ચૌધરી નાથીએ રાજસ્થાની નૃત્યમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો તેમજ વોલીબોલ સ્પર્ધામાં તેજસ્વી પટેલે અને જલ્પા પટેલે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધાર્યુ હતું. વિજેતા વિદ્યાર્થીનીઓને આચાર્યા ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને પ્રો. સોનલબેન મોદી તથા કોલેજ પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

# સરગાસણ સ્થિત માનવસંસ્થા ખાતે કાનૂની શિબિર યોજાઈ



ગાંધીનગર, તા.૧૮

શ્રી ઉમિયા કેળવણી ટ્રસ્ટ સંચાલિત 'માનવસંસ્થા' સરગાસણ મુકામે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના સંયુકત ઉપક્રમે માનસિક ક્ષતિ ધરાવતા અનાથ બાળકો, યુવાનોની સાર સંભાળ રાખતી સંસ્થા દ્વારા કાનૂની શિબિર યોજાઈ હતી. જેમાં પેરાલીગલ વોલન્ટીયર શ્રી જયરામભાઈ સોની અને શ્રી દિનેશભાઈ દવેએ હાજર રહી માર્ગદર્શન આપ્યું હતું.

સંસ્થાના એમ.ડી. ટ્રસ્ટીશ્રી ભાવેશ પટેલ દ્વારા સંસ્થાના કાર્યોની માહિતી આપવામાં આવી હતી. જેમાં મંદબુધ્ધિ આંક ધરાવતા બાળકોની સારસંભાળ, સ્વચ્છતા, હવા ઉજાસ, ઓરડા, સ્વચ્છ પૌષ્ટિક આહાર, અભ્યાસ ખંડ રમતગમત, તાલીમ, સેનીટેશનની વ્યવસ્થા વગેરેની જાણકારી આપવામાં આવી હતી.

સંસ્થામાં સરકારશ્રીના ધોરણો મુજબ ભોજન વિ. સહાય મળતી રહે છે પરંતુ મોંઘવારીના કારણે આર્થિક જરૂરિયાત સંતોષાતી ન હોવાનું માલુમ પડે છે. ડોનેશન માટેના પ્રયાસોની જાણકારી આપી હતી. ગાંધીનગર શહેર અને આસપાસના સંવેદના ધરાવતા નાગરિકો દ્વારા કુટુંબમાં ઉજવાતા શુભ પ્રસંગો જેવા કે જન્મદિવસ, લગ્નતિથિ, અન્ય સામાજિક ધાર્મિક તહેવારોમાં સંસ્થામાં ભોજન કે આર્થિક સહયોગરૂપે ભેટ અર્પણ કરી પ્રસંગોની ઉજવણી શાનદાર બનાવવા અનુરોધ કર્યો હતો.

સંસ્થામાં આર્થિકરૂપે, ભોજનરૂપે કે રમત ગમતના સાધનો, બૌધ્ધિક વિકાસ લક્ષી સાધનોની જરૂરિયાત પુરી પાડવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

સંસ્થાના બાળકોને નાની મોટી બિમારી નાક-કાન, ગળા, આંખ, ચામડી જેવા દર્દોમાં નિદાન સારવાર પુરી પાડવા શહેરના સેવાભાવી ડૉકટરોને બે ત્રણ માસ દરમિયાન નિયમિત મુલાકાત લેવા અનુરોધ કરવામાં આવ્યો હતો.




જૈન ધર્મી શ્રધ્ધાળુઓ માટે પર્યુષણ પર્વ એ મહાપર્વ ગણાય છે. આ પર્વ દરમિયાન જૈન ભાવિકો આકરા ઉપવાસ-તપ અને ભકિત તેમજ સત્સંગ કરે છે. પર્યુષણ પર્વના સમાપન પ્રસંગે શોભાયાત્રા અને તપસ્વીઓના પારણા વગેરે યોજવામાં આવે છે. પેથાપુર ખાતે શોભાયાત્રા યોજાઈ હતી જેમાં મોટી સંખ્યામાં જૈન પરિવારોએ ભાગ લીધો હતો અને તેમણે એકબીજાને મિચ્છામી દુક્કડમ પાઠવ્યા હતા.




## ચૌધરી શાળામાં હિન્દી દિવસ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલય ખાતે હિન્દી દિવસ નિમિત્તે વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ 'મેરે પ્રિય ત્યોહાર' વિશે હિન્દી ભાષામાં રજુઆત કરી હતી. શાળાના આચાર્યા મીનાબેને વિદ્યાર્થીઓને હિન્દી ભાષાનું મહત્વ સમજાવ્યું હતું. વકતૃત્વ સ્પર્ધામાં શાળાની કમળા ચૌધરી પ્રથમ ક્રમાંકે, નિપલ પટેલ દ્વિતિય અને સિધ્ધી ચૌધરી તૃતીય ક્રમાંકે વિજેતા બની હતી. કાર્યક્રમના અંતે વિજેતા વિદ્યાર્થીનીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું આયોજન શાળાના હિન્દી શિક્ષક અંજનાબેન ચૌધરી અને અંજનાબેન દેસાઈએ કર્યું હતું.

# 'સંપત્તિ નહી મા-બાપના સંસ્કાર આગળ વધારો એ જ સાચુ તર્પણ'

## ગાંધીનગરના અનેક સેકટરોમાં પોતાના વસવાટ દરમિયાન એક શિક્ષકે વાવેલા વૃક્ષો આજે ઘટાટોપ બની લહેરાઈ રહ્યા છે પિતાના જન્મદિન તથા પુણ્યતિથીએ દર વર્ષે હવે તેમનો દિકરો વૃક્ષો વાવી અનોખુ તર્પણ અર્પે છે!!




ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના સે-૧૬ની સરકારી માધ્યમિક શાળામાં વર્ષો પહેલા એક શિક્ષક નોકરી કરતા હતા. જેમને વૃક્ષો પ્રત્યે અનહદ લગાવ હતો તેથી વારંવાર વૃક્ષારોપણની પ્રવૃત્તિનું આયોજન પણ કરતા હતા. વૃક્ષારોપણ કરવા માટે તેઓ બાળકોના જન્મદિવસ હોય કે સારા પરિણામ આવ્યા હોય તેવા કોઈને કોઈ બહાના શોધી કાઢતા હતા. એકવાર આ શાળામાં ભણતી સેકટર-૨૭ની એક દિકરીને માર્ગ અકસ્માત થતા તેનું આકસ્મિક અવસાન થયું, આખી શાળા શોકમાં ગરકાવ થઈ ગઈ હતી. આ શિક્ષકે તે દિકરીની આત્માની શાંતિ માટે શાળા સંકુલમાં સ્વખર્ચે એક નાનકડા બગીચાનું નિર્માણ કર્યુ અને જેનું નામ આપ્યું 'શાંતિવન'. ગાંધીનગરમાં લગભગ દસેક જેટલા અલગ અલગ સેકટરમાં પોતાના નિવાસકાળ દરમિયાન તેમણે વાવીને ઉછેરેલા અસંખ્ય વૃક્ષો આજે તેમની હયાતીના વર્ષો પછી પણ ઘટાટોપ બની સેકટરવાસીઓને મીઠો છાંયડો અને ફળ આપી રહ્યા છે.

મૂળ ઉત્તર ગુજરાતના વાલમ ગામના વતની શિક્ષક વિરચંદભાઈ ખેમાભાઈ સોલંકીને પ્રથમ નોકરી ૧૯૬૮માં જૂનાગઢ જિલ્લાના માંગરોળ ખાતે મળી હતી. અહીં તેમણે પોતાના દિકરાના જન્મની પીટીસી કોલેજ સંકુલમાં વૃક્ષારોપણથી ઉજવણી કરી હતી. આ સિલસીલો પછી એક જાણે આદત બની ગયો અને વાર તહેવારે વૃક્ષો વાવવા અને તેમનું જતન કરવું તે તેમની ઓળખ બની ગઈ. વર્ષ ૧૯૭૫માં તેમની ગાંધીનગર ખાતે બદલી થઈ. બસ પછી ત્યારથી તેઓ જીવ્યા ત્યાં સુધી શહેરના અલગ અલગ આશરે દસેક સેકટરોમાં તેમનું નિવાસસ્થાન સરકારી સ્કૂલની નોકરીમાં થતી વારંવારની બદલીના કારણે બદલાતું રહ્યું. રહેઠાણ ભલે બદલાયા કર્યુ પણ વિરચંદભાઈની વૃક્ષારોપણની પ્રવૃત્તિ બદલાઈ નહી, બલ્કે તેમને તો નવા વૃક્ષો વાવવા નવી નવી જગ્યા મળતી રહી. તેઓ જયાં રહેતા તેની આસપાસ સરગવાનું વૃક્ષ અચૂક વાવતા તેથી તેમના આડોશી પાડોશીઓને પણ સરગવો ખાવા




મળી રહેતો. માત્ર વૃક્ષારોપણ જ નહીં પરંતુ તેમને વૃધ્ધાશ્રમના અસહાય વડીલોને મદદરૂપ થવું, રકતદાન કરવું જેવી સેવાકીય પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત રહેવું ખૂબ પસંદ હતું. પોતાના જીવનકાળ દરમિયાન તેમણે આશરે ૫૦થી વધુ વાર રકતદાન કર્યુ હતું અને અસંખ્ય રકતદાતાઓને પ્રેરિત કર્યા હતા.

એકવાર ગાંધીનગર નજીકના પાલજ ગામે તેઓએ શાળાનો એનએસએસ કેમ્પ યોજયો હતો. એ સમયે ગ્રામ્ય વિસ્તારમાં પાણીની ભારે અછત હતી. એનએસએસ કેમ્પ દરમિયાન વિરચંદભાઈને વૃક્ષારોપણ કરી બાળકોને તે અંગે પ્રેરિત કરવા હતા પરંતુ ઉનાળાનો સમય હોઈ ગામમાં કોઈ રોપાને પાણી આપવા તૈયાર નહોતું. છેવટે તેમણે ગ્રામજનો સાથે સંખ્યાબંધ મીટીંગો યોજી સમજાવ્યા કે 'તમે હાથ ધોવા એક લોટો પાણી વાપરો છો તો હવે એક ગ્લાસ વાપરજો અને તે પણ છોડ પાસે જેથી તેને પણ પાણી મળી રહે.' અંતે ગ્રામજનોએ તેમની વાત માની અને તેમના વાવેલા વૃક્ષોને પાણી આપવાનું ચાલુ કર્યુ. આ ગામમાં તે સમયે કોઈ માધ્યમિક શાળા નહોતી તેથી સઘન પ્રયત્નો હાથ ધરી નવી માધ્યમિક શાળા ચાલુ કરાવી અને તેમાં ઉપાચાર્ય તરીકે સેવાઓ પણ આપી હતી. વિરચંદભાઈને રંગભૂમિ પણ ખૂબ પસંદ હતી અને તેઓ બાળકોને નાટકો માટે તૈયાર કરવા ખૂબ કાળજી લેતા હતા.

પોતાના જીવનકાળ દરમિયાન ઘરમાં દરેક ખુશીના પ્રસંગે વૃક્ષો વાવવાનો શિરસ્તો પાડી દીધો હતો. આ સંસ્કાર તેમણે પોતાના એક પુત્ર અને બે દિકરીઓને પણ આપ્યા. નિવૃત્તિ બાદ થોડીક શારિરીક તકલીફોથી પરેશાન આ શિક્ષકે અચાનક એક દિવસ પુત્ર શૈલેન્દ્રને એ જયારે નોકરીથી પરત ઘેર આવ્યો ત્યારે કહ્યું કે, 'બેટા આજે હું આ સંસારમાંથી વિદાય લઈશ.' પિતાની વાત સાંભળી દિકરાએ કહ્યું આવા વિચારો ના કરો ત્યારે તેમણે જવાબ આપ્યો, 'દરેક માણસે એકવાર તો મરવાનું છે, જો તેને હસતા ચહેરે વિદાય આપો તો તેના આત્માને શાંતિ મળે.' આમ કહી પુત્ર સાથે તેના ખભે હાથ મુકી બહાર ટહેલવા ગયા અને પછી મોડી રાત્રે બધા સુવાની તૈયારી કરતા હતા ત્યારે પલંગ પર પલાંઠી વાળીને ધ્યાન મુદ્રામાં બેસી ગયા અને પોતાનો દેહ ત્યાગી દીધો. વિરચંદભાઈએ પોતાના જીવનકાળ દરમિયાન આપેલા સંસ્કારને દિકરાએ સુપેરે પચાવ્યા છે અને હવે એ પણ પિતાનો જન્મદિન હોય કે પુણ્યતિથી અચુક વૃક્ષો વાવે છે. એટલું જ નહી પરંતુ પોતાના સંતાનોનો જન્મદિવસ પણ વૃક્ષો વાવી ઉજવી પિતાના સંસ્કારને આગળ ધપાવી સાચું તર્પણ કરે છે.

પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ગાંધીનગર મેડિકલ કોલેજની એન્ટી રેગીંગ કમિટીમાં નિમણુંક

ગાંધીનગર, તા.૧૮



જીએમઈઆરએસ મેડિકલ કોલેજ ગાંધીનગર ખાતે તાજેતરમાં એન્ટી રેગીંગ કમિટીની રચના કરવામાં આવી છે. જેમાં અલગ અલગ હોદ્દેદારોની તેમજ સભ્યોની નિમણુંક કરાઈ છે. આ કમિટીમાં સભ્ય તરીકે નિમણુંક કરવા માટે માહિતી નિયામક દ્વારા વરિષ્ઠ પત્રકાર મનિષ વ્યાસનું નામ સૂચવવામાં આવ્યું હતું. જે અંતર્ગત તેમની એન્ટી રેગીંગ કમિટીના સભ્ય તરીકે ડીન દ્વારા નિમણુંક કરવામાં આવી છે.

## જિલ્લા રમત ગમત કચેરી દ્વારા તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૧૮

જિલ્લા રમત ગમત અધિકારી કચેરી દ્વારા જિલ્લા કક્ષાની અનુસુચિત જાતિની વ્યકિતત્વ વિકાસ અને યોગાસન તાલીમ શિબિર તથા યુવક નેતૃત્વ તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ભાગ લેવા ઈચ્છુકોએ પોતાની અરજી આગામી તા ૩૦ સપ્ટેમ્બર સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી ૧૯૦/૨, ગ-૧ ટાઈપ, સે-૩૦ ખાતે મોકલવાની રહેશે તેમ જિલ્લા રમત ગમત અધિકારી દ્વારા જણાવાયું છે.

## અવસાન નોંધ

સ્વ.મહર્ષી અશોકભાઈ ઠાકરનું દુઃખદ અવસાન થયું છે. સ્વર્ગસ્થનું બેસણું તા. ૧૯ સપ્ટેમ્બરના રોજ સવારે ૯ થી ૧૨ કલાક દરમિયાન ગાંધીનગર જિલ્લાના પાલજ તાલુકાના રાધાકૃષ્ણ મંદિર, માતાવાળા ભાગ ખાતે રાખવામાં આવ્યું છે.

## ચિરવિદાય

● સ્વ. કાન્તાબેન રતિલાલ પટેલ, ઉ.વ.૭૦